



મન કી બાત - ગાંધીનગર મહાનગર ભાજપના કાર્યકરોએ આજે પ્રધાનમંત્રીની મન કી બાતનો સામુહિક શ્રવણ કર્યું હતું... વિવિધ સેક્ટરોમાં કાર્યકરોનો સમુહ કે પરિવાર સાથે મન કી બાત માણતા માણતા કાર્યકરો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વક્તૃત્વ શક્તિના વખાણ કરતા હતા... ગુજરાતની ચૂંટણીના સંદર્ભે સામુહિક શ્રવણથી કાર્યકરોની એકતા જળવાય તેવો પણ પ્રયાસ કરાયો હતો...

# શિક્ષણમાં નવા વિચારોના અમલ માટે ગાંધીનગરમાં બે દિવસનો સેમિનાર

## દેશના ચાર ઝોનમાંથી ૧૪૦ જેટલી યુનિવર્સિટી ભાગ લેશે : ગુજરાતના ૧૫ સહીત વિવિધ યુનિના કુલપતિઓ શિક્ષણક્ષેત્રે નવા વિચારોને પોષવા માટે ચર્ચા કરશે

**રાજયપાલ ઓ પી કોહલીના હસ્તે ઉદઘાટન કરાશે : આઇ આઇ એમના પદ્મશ્રી અનિલ ગુપ્તા, પ્રો રાકેશ બસંત પણ માર્ગદર્શન આપશે**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર આઈ આઈ ટી ઈ ખાતે તા ૨૭ અને ૨૮ નવેમ્બરે બે દિવસીય સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ છે. શિક્ષણને અસરકારક બનાવવા માટે નવા વિચારોને અમલમાં મુકવા અને અવરોધરૂપ પરિબળોને ડામવા માટે વિવિધ યુનિવર્સિટીના કુલપતિઓ ચર્ચા કરશે. જયપુર, જોધપુર, મુંબઇ, કોલ્હાપુર પુના અને ગુજરાત સહીત ૧૪૦ જેટલી યુનિવર્સિટીઓ આ સેમિનારમાં ભાગ લેશે.

ગાંધીનગર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશનના કુલપતિ ડો શશિરંજન યાદવે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આઈ આઈ ટી ઈ કેમ્પસમાં બે દિવસ માટે યોજાનારા આ સેમિનારમાં સમગ્ર ભારતના ચાર ઝોનમાં આવતા ગુજરાત રાજસ્થાન મહારાષ્ટ્ર અને ગોવા સહીતના પ્રદેશોમાંથી ૧૪૦ જેટલી યુનિવર્સિટીની ઝોનલ કોન્ફરન્સમાં ગુજરાતના ૧૫ કુલપતિઓ સહીત ૭૫ કરતા વધુ મહાનુભાવો ભાગ લેશે. શિક્ષણમાં નવા વિચારોન પોષવા તેમજ નવી અસરકારક પધ્ધતિ લાગુ પાડવાના મામલે અડચણરૂપ થતા પરિબળોને ડામવા માટે મનોમંથન કરાશે. રાજયપાલ ઓ પી કોહલીના હસ્તે સેમિનારનો શુભારંભ કરવામાં આવશે.

જયારે આ સેમિનાર દરમિયાન બે દિવસ વક્તા તરીકે આઈ આઈ એમના પદ્મશ્રી અનિલ ગુપ્તા પાયાના નવા વિચારો રજુ કરશે. જયારે સમાપન સમારંભ દરમિયાન પણ આઈ આઈ એમના નવા વિચારો સંશોધન કેન્દ્રના વડા અને અર્થશાસ્ત્રી પ્રો રાકેશ બસંત તેમનુ વકતવ્ય આપશે. આ દરમિયાન આઈ આઈ ટી ઈ માં નાટય ફેકલ્ટીનો અભ્યાસ કરાવતા રઘુવીર યાદવ પણ પોતાના વિચારો રજુ કરશે. બે દિવસીય કાર્યક્રમ પુર્વે નવો સભાખંડ, એમ પી થિયેટર, ઈનોવેશન સેન્ટર, રીચર્સ માટેની સુવિધા થ્રીડી માટેનુ વર્કશોપ યોગા નૃત્ય ઘોડાનો તબેલો રાયફલ શુટીંગ સહીતના સુવિધાના કેન્દ્રો પણ ખુલ્લા મુકાશે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... મતદાન વખતે તો ઠીક પણ અત્યારે જ ન્યાય કરો... મને મારા પક્ષે જ ટીકીટ ન આપી...!!

# પ્રાંતિયા-પાલજ માર્ગ પર અજાણ્યા વાહનની ટકકરથી આશાસ્પદ યુવાનનું મોત

ચિલોડા, તા. ૨૬

ચિલોડા-અમદાવાદ હાઈવે માર્ગ પર સીકસલેઈન માર્ગની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે પ્રાંતિયાથી પાલજના પાટિયા પાસે ચિલોડાનો યુવાન મોડી સાંજે ચાલતો આવતા અજાણ્યા વાહનની ટકકર વાગતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવાનનું કરુણ મોત નિપજયું હતું. આમ ચિલોડા ગામનો નાઈટ કલીન હોટલની પાછળ ખેતરમાં રહેતા મોહનજી અંબાલાલ ઉર્ફે બચુજી ઠાકોર ચાલતા પ્રાંતિયાથી પાલજના પાટીયા પાસે ચાલતા આવતા કોઈ અજાણ્યા વાહનને જોરદાર અડફેટે લેતાં ગંભીર ઈજા પહોંચતા મોત નિપજયું હતું. આ અંગે ડભોડા પોલિસે અકસ્માતે મોતનો ગુનો નોંધી સિવિલ હોસ્પિટલમાં પી.એમ. કરાવી વધુ તપાસ પી.એસ.આઈ. જી.ડી. વાઘેલા ચલાવી રહ્યા છે. યુવાનનું મોત થતાં ચિલોડા ગામમાં શોક વ્યાપી ગયો હતો.



# ગાંધીનગર મહાનગર બક્ષીપંચના હોદેદારોની વરણી

ગાંધીનગર તા ૨૬

ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી મહામંત્રી કે સી પટેલ અને બક્ષીપંચ મોરચાના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ દિનેશભાઈ અનાવડીયાની સુચનાથી ગાંધીનગર બક્ષીપંચ મોરચાના હોદેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં બક્ષીપંચ મોરચાના પ્રમુખ ભીમસી આહીરના જણાંવ્યા મુજબ મોરચાના ઉપપ્રમુખ તરીકે ડો હસમુખ ચૌધરી, કનુભાઈ જોઈતારામ દરજી માધુભાઈ પ્રજાપતિ, બાબુભાઈ દેસાઈની વરણી કરવામાં આવી છે. જયારે મહામંત્રી તરીકે રાણાજી ઠાકોર, ભરત રાવળ, બાબુભાઈ લાલજીભાઈ સોલંકી અને મંત્રી પદે ડાહ્યાભાઈ વણજારા, મહેશજી અભુજી ઠાકોર રાહુલ દેસાઈ, ભવાન ભરવાડની વરણી કરવામાં આવી છે. જયારે મોરચાના કોષાધ્યક્ષ તરીકે કલ્પેશ બ્રહ્મભટ્ટ અને કાર્યાલય મંત્રી તરીકે માંગીલાલ ગુર્જરની નિમણુંક કરવામાં આવી છે.

# ભાજપ વિકાસના મુદ્દે બહુમત હાંસલ કરશે : અનિલ જૈન

## સેકટરોમાં પ્રધાનમંત્રીનો ચાય પે ચર્ચાનો કાર્યક્રમ યોજાયો : ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અનિલ જૈન સહીત સેકટરોના ભાજપના નેતાઓ અને કાર્યકરોએ હાજર રહી કીટલીએ ગપશપ કરી : વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો

ગાંધીનગર તા ૨૬

ગુજરાત વિધાનસભાની ચુંટણી આડે હવે ગણતરીના દિવસો બાકી રહયા છે. ત્યારે શહેરમાં રોજબરોજ રાજકીય ગતિવિધિઓનો ધમધમાટ જોવા મળી રહયો છે. ટીકીટ ફાળવણીનો મુદ્દે પણ નતનવી વાતોના લીધે રાજકીય ગરમાવાનો માહોલ જોવા મળી રહયો છે. જયારે આજે ટીકીટ વિતરણના મુદ્દે ફોર્મ ભરવાના આગળના દિવસે અનેક નામો પણ ચર્ચામાં રહયા હતા. બીજીતરફ પ્રધાનમંત્રીના મન કી બાત કાર્યક્રમ અન્વયે પણ સેકટરોમાં ભાજપના નેતાઓ દ્વારા ચાય પે ચર્ચા કરવામાં આવી હતી. આ તબક્કે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અનિલ જૈને જણાંવ્યુ હતુ કે ભાજપ આગામી ચુંટણીમાં જ્ઞાતિવાદ પર નહીં વિકાસના મુદ્દે બહુમતી હાંસલ કરશે.

આગામી વિધાનસભાની ચુંટણી નજીકમાં છે. ત્યારે ભાજપ દ્વારા પ્રચંડ બહુમતીથી જીત હાંસલ કરવા માટે અગાઉ ડોર ટુ ડોર પ્રચાર અભિયાન હાથ ધરાયુ હતુ. મહાસંપર્ક અભિયાન બાદ આજે શહેરના સેકટરોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો મન કી બાત કાર્યક્રમ યોજાયો હતો. શહેરના સેકટર -૨૪ તેમજ સે-૨૭ માં ચાય પે ચર્ચાના આ કાર્યક્રમમાં ભાજપના નેતાઓએ



ચા ની કીટલી પર ગપશપ કરી હતી. ચાય પે ચર્ચામાં ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અનિલ જૈન ઉપરાંત વોર્ડના સ્થાનિક નેતાઓ ભાજપ મહાનગરના અગ્રણીઓ ઉપરાંત કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.

આ તબક્કે રાષ્ટ્રીય મહામંત્રી અનિલ જૈને જણાંવ્યુ હતુ કે ભાજપ આગામી ચુંટણીમાં જંગી બહુમત હાંસલ કરીને ઐતિહાસિક વિજય મેળવશે. જયારે ચુંટણી જ્ઞાતિવાદના આધારે નહીં પરંતુ વિકાસના મુદ્દે લડાશે. જયારે વિકાસના મુદ્દે ભાજપને બહુમત મળશે. ભાજપના પેજ પ્રમુખોના આધારે ચુંટણીલક્ષી યોગ્ય માઈક્રોપ્લાનીંગ કરવામાં આવ્યુ છે. જેના આધારે અસરકારક પરિણામ મળશે. ચાય પે ચર્ચામાં વાડીભાઈ પટેલ સહીત યુવા ભાજપના ઉરેન પટેલ, વાર્ડ મહામંત્રી ઉમેશ જહાં સુરેશ મહેતા વોર્ડના પ્રમુખો હોદેદારો અને કાર્યકરો સહીતના અગ્રણીઓ હાજર રહયા હતા. સે-૨૭ માં ચાય પે ચર્ચાના કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહયા હતા. આ તબક્કે ૩૬ ઉત્તર વિધાનસભાની બેઠકમાં ભવ્ય વિજય મળશે તેમ પણ ભાજપના આગેવાનોએ જણાંવ્યુ હતુ.

# ઈલેક્શનમાં એક મતની કિંમત શું છે તે જાણવા વાજપેયી, સરદાર, જોષી અને હિટલર યાદ કરો

### ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

હું મારો એક મત આપું કે નહીં, તેનાથી શું ફરક પડવાનો છે તેવું બોલતા પહેલાં વિચારી જોશો, કારણ કે એક મતની કિંમત બહુ મોટી છે. આ માનસિકતાથી આપણે બહાર આવવાનું છે. એક મતની બહું મોટી તાકાત પણ છે. ૨૦૦૮માં નાથદ્વારા- રાજસ્થાનના વિધાનસભાના ઉમેદવાર ડો. સી.પી.જોષી એક મત ઓછો મળતાં ચૂંટણી હારી ગયા હતા. ૧૯૨૩માં એક મત વધારે મળતાં એડોલ્ફ હિટલર નાઝી પાર્ટીનો નેતા બન્યો હતો. ૧૯૯૮માં એક મત ઓછો મળતાં અટલ બિહારી વાજપેયીની એનડીએ સરકારને શાસનમાંથી વિપક્ષમાં બેસવાનો વારો આવ્યો હતો. ૧૮૭૫માં એક મતથી ફ્રાન્સ રાજાશાહીમાંથી ગણતંત્ર બન્યું છે. ૧૯૭૬માં એક મત વધુ મળતાં જર્મનની જગ્યાએ અંગ્રેજી અમેરિકાની ભાષા બની હતી. ૧૯૧૭માં એક મત ઓછો મળતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી સરદાર વલ્લભભાઈ પટેલ હારી ગયા હતા. આથી મતદાન અવશ્ય કરો...

## કોંગ્રેસમાં સેનાપતિ છે પરંતુ તેના સૈનિકો નથી, તેઓ તો ભાજપના ઘરમાં છે

**ઉમેદવારો પસંદ કરવામાં કોંગ્રેસની પણ હાર...**

વિધાનસભાના અમારા ઉમેદવારો છ મહિના પહેલાં ડિક્લેર કરી દેવામાં આવશે તેવી કોંગ્રેસના ગુજરાત પ્રવક્તાના દાવા ઊંઘા પડી ગયા છે. ભાજપ સિંગલ નામ હોય તેવા ઉમેદવારો એડવાન્સ જાહેર કરી દેશે તેવા વાયદા પણ ખોટા પડ્યા છે. ઉમેદવારી કરવાના અંતિમ દિવસ પહેલાં ટેલીફોન કરીને મેન્ડેટ આપવા પડે તે ગુજરાત માટે શરમજનક બાબત છે. જે હાલત કોંગ્રેસમાં છે તેવી જ હાલત ભાજપમાં છે. બન્ને પાર્ટીઓ ઉમેદવારોની પસંદગી કરતાં ડરે છે. આમ કરવા પાછળનું કારણ કોઈ અસંતુષ્ટ સભ્ય ચૂંટણીના મેદાનમાં ઉભો ન રહે તે છે, આમ છતાં બન્ને પાર્ટીઓમાં અસંતોષ ચરમસિમાએ છે. ભાજપમાં અસંતુષ્ટો માની જાય છે પરંતુ કોંગ્રેસમાં તોડફોડ પર ઉતરી આવે છે. સત્તાવાર ઉમેદવારને સામી પાર્ટી પાસેથી રૂપિયા લઈને હરાવવાનું કામ કરે છે. પ્રત્યેક ચૂંટણીમાં કોંગ્રેસની ભૂંડી હાર થાય છે તેનું કારણ જ છેલ્લી ઘડીએ પસંદ કરેલા ઉમેદવારો છે. ઉમેદવાર પસંદગી સુધી કોંગ્રેસનો ઘોડો વિનમાં હતો પરંતુ ઉમેદવારો પસંદ થયા પછી એવું લાગે છે કે પાર્ટીમાં યાદવાસ્થળી આકાર લઈ રહી છે તેથી ઉમેદવારોની વિકેટ એક પછી એક પડતી દેખાઈ રહી છે.

**ઉમેદવાર છે પણ સમર્થકો તો ભાજપમાં છે...**

વિધાનસભાની ચૂંટણીમાં હાર્દિક પટેલની સીડી હવે હવાઈ ચૂકી છે. બન્ને પાર્ટીઓ હાલ તો ઉમેદવારોની પસંદગીમાં મગ્ન બન્યા છે. કોંગ્રેસ મુક્ત ગુજરાત માટે ભાજપ કોંગ્રેસ યુક્ત બની રહ્યું છે. કોંગ્રેસના મજબૂત ઉમેદવારો છે તેવા વિસ્તારોમાં ભાજપે જિલ્લા, તાલુકા અને પાલિકાઓના પદાધિકારીઓ ઉપર નજર દોડાવી છે. કોંગ્રેસના મજબૂત ઉમેદવારોના સમર્થકોને ભાજપમાં ભેળવવા માટેની મોસમ શરૂ થઈ છે. આશ્ચર્યજનક બાબત એવી છે કે કોંગ્રેસ તેના ગ્રાસરૂટના કાર્યકરો અને નેતાઓ કે જેઓ ઉમેદવારને વિજયી બનાવવાની મહેનત કરતા હોય છે તેમને મનાવી શકતી નથી. એકલો ઉમેદવાર તેના સમર્થકો વિના ચૂંટણીની વૈતરણી પાર કરી શકે નહીં તે વાત કોંગ્રેસના પ્રદેશ કક્ષાના નેતાઓને ક્યારેય સમજાતી નથી. આ સ્થિતિમાં એવું કહી શકાય છે કે કોંગ્રેસ પાસે મજબૂત ઉમેદવારો છે પરંતુ તેમના સમર્થકો ભાજપમાં છે તેથી પરિણામ શું આવશે તે કલ્પી શકાય તેવું છે.

**આપણું યુવા ટેલેન્ટ અમેરિકા કેમ જતું રહે છે...**

આપણું મહામોંઘું યુવાધન વિદેશ જઈ રહ્યું છે તેને અટકાવવા માટે કેન્દ્ર સરકારે પગલાં ભરવા જોઈએ. આપણા વિદ્યાર્થીઓને સસ્તુ ભણતર અને ઝડપથી નોકરી જો આપણે આપી શકતા હોઈએ તો તે વિદ્યાર્થીઓ ભારત બહાર વિદેશમાં ચાલ્યા જતા અટકી શકે છે. આપણે શા માટે સ્કીલયુક્ત મેનપાવરનો ઉપયોગ કરી શકતા નથી તે સમજાતું નથી. આપણું સ્કીલ વિદેશમાં ભણે છે અને વિદેશમાં કમાય છે અને વિદેશમાં જ ખર્ચે છે. આ સ્થિતિ હાલના શાસકો માટે લાલબત્તી સમાન છે. ભારતના વિદ્યાર્થીઓએ એક જ વર્ષમા માત્ર અમેરિકામાં અભ્યાસ કરવા પાછળ ૬૫૪ કરોડ ડોલરનો ખર્ચ કર્યો છે જેમાં આગલા વર્ષની તુલનાએ ૩૦ ટકાનો મોટો ઉછાળો છે. આ રૂપિયાની સામે અમેરિકાએ ભારતમાં માત્ર ૨૩૭ કરોડ ડોલરનું સીધું વિદેશ મૂડીરોકાણ કર્યું છે. અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની ફર્સ્ટ અમેરિકા નિતી કામ કરી ગઈ છે. ભારતના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા જાય છે અને ત્યાં જ નોકરી પસંદ કરે છે અને તેમનો ૯૦ ટકા ખર્ચ પણ અમેરિકામાં જ થાય છે. આપણી સ્કીલનો અમેરિકા જો ઉપયોગ કરી શકતું હોય તો આપણે જ આપણી સ્કીલનો ઉપયોગ કેમ કરી શકતા નથી તે પ્રશ્ન છે.

**ગુજરાતની ઔદ્યોગિક હરણફાળને નજર લાગી છે...**

ઉદ્યોગોના રજીસ્ટ્રેશનની વૃદ્ધિના મામલે મહારાષ્ટ્ર પ્રથમક્રમે આવ્યું છે જ્યારે ગુજરાતે ઔદ્યોગિક માપદંડોએ ઘણી સારી કામગીરી દર્શાવી છે પણ નવા ઉદ્યોગોની નોંધણીના મામલે નિરાશ કર્યા છે. નાણાકીય વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૫ દરમ્યાન આંતરપ્રિનિયોર મેમોરેન્ડમ પાર્ટ-૨ હેઠળ માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝિસિસના રજીસ્ટ્રેશનની દ્રષ્ટીએ મહારાષ્ટ્ર એ ૧૨૯ ટકાનો રેકોર્ડ હાઈએસ્ટ ગ્રોથ નોંધાવ્યો છે. ઈન્ડસ્ટ્રીયલ ચેમ્બર એસોચેમ એ તેના રિપોર્ટ મેન્યુફેક્ચરીંગ એકિસલન્સી એન્ડ ઈમરજન્સ ઈન્ડિયામાં આ બાબત જણાવી છે. ઉદ્યોગોની નોંધણીના મામલે મહારાષ્ટ્ર પછી ઉત્તરપ્રદેશ ૬૯ ટકાના વૃદ્ધિદર સાથે બીજાક્રમે આવ્યું છે. તો આ ગાળામાં તામિલનાડુએ ૫૭ ટકા, ગોવાએ ૫૫ ટકા અને પશ્ચિમ બંગાળે ૪૭ ટકાનો ગ્રોથ દર્શાવ્યો છે. જો કે તમામ પ્રકારના ઉદ્યોગોના રજીસ્ટ્રેશન મુદ્દે ગુજરાતની પીછેહઠ થઈ છે અને આંતરપ્રિનિયોર મેમોરેન્ડમના ગ્રોથના મામલે આ યાદીમાં ગુજરાતનો ૧૪નો ક્રમ આવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૩માં ૬૮,૨૭૫ ઉદ્યોગની નોંધણી હતી તે ૨૦૧૫માં ઘટીને ૬૪,૧૬૦ થઈ છે. મતલબ કે આ સમયમાં નવી નોંધણીનું પ્રમાણ છ ટકા ઘટ્યું છે. બીજી તરફ એક્સલન્સ મેન્યુફેક્ચરીંગના મુખ્ય રાજ્યોની યાદીમાં કર્ણાટક બેસ્ટ સ્ટેટ તરીકે ઉપસ્યું છે. ગુજરાતમાં ફેક્ટર પ્રોડક્ટિવિટીમાં ૧૫મો, ફિક્સ્ડ કેપિટલ ઈન્કમ રેશિયોમાં ૧૬મો, રોકાણ પર વળતરમાં આઠમો અને ઈફિશિયન્સીમાં ૧૪મો ક્રમ મેળવ્યો છે.

**યુવા સાહસિકો માટે પ્લાન છે પણ નિર્ણયશક્તિ નથી...**

## યુવા ઉદ્યોગ સાહસિકો માટેના પ્લાન બને છે પરંતુ તેનો અમલ થઇ શકતો નથી

ગુજરાત સરકાર આવનારા ૨૫ વર્ષ માટેનો રોડમેપ બનાવી રહી છે. આ રોડમેપમાં કેન્દ્રસ્થાને યુવા સાહસિકોને સામેલ કરવાનો સરકારનો પ્લાન છે. સરકારનો વહીવટ કોર્પોરેટ સિસ્ટમથી ચાલે તેના માટે વિજય રૂપાણી આગ્રહી છે. તેઓ કહે છે કે સચિવાલયના વિભાગો અને સરકારી કચેરીઓમાં વિવિધ યોજનાઓની ફાઈલો, મુલાકાતીઓના પ્રશ્નો અને ઉદ્યોગ જેવા વિભાગોની પ્રોજેક્ટ દરખાસ્તો લાંબો સમય સુધી આપણી કચેરીઓમાં પડી રહેવી ન જોઈએ. છેલ્લા ૧૫ વર્ષમાં ભારતના વિકાસમાં ગુજરાતનો ફાળો સર્વોત્તમ છે. ૨૦૦૦ થી ૨૦૧૫-૧૬ વચ્ચે ભારતના જીડીપીમાં ગુજરાતનું યોગદાન ૫.૮ ટકાથી વધીને ૭.૩ ટકા થયું છે. કેન્દ્ર સરકારના આંકડા પ્રમાણે ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૪ના સમયગાળામાં સરેરાશ વાર્ષિક ૮.૯ ટકાનો વૃદ્ધિદર મેળવી ગુજરાત દેશના ૧૯ મોટા રાજ્યો પૈકી સૌથી ઉંચો વિકાસ દર ધરાવે છે. આજે ગુજરાતની માથાદીઠ આવક વર્ષ ૨૦૧૫-૧૬માં અંદાજીત ૧,૩૮,૦૨૩ થઈ છે જે ભારતના સરેરાશ માથાદીઠ આવકની સરખામણીએ ૪૬ ટકા ઉંચી છે. ઉદ્યોગ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર તેના એજન્ડામાં યુવા સાહસિકો માટેની અલગ નિતી બનાવે તેવી સંભાવના છે. યુવાનો માટે સરકાર ઈન્સેન્ટીવ આપશે, તેમને જરૂરી સુવિધા પૂરી પાડશે. સરકારી યોજનાઓમાં તેમને સામેલ કરશે. અન્ય રાજ્યોના વિકાસ કામોમાં ગુજરાતનું માનવબળ મોકલવાના પ્રયાસ પણ કરશે.

## ભારતમાં કોંગ્રેસનો સુવર્ણકાળ હતો તેવો સમય હવે મોદી અને ભાજપ માટે છે

**ગુજરાત પછી મોદીની કસોટીના બે વર્ષ શરૂ થાય છે..**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની કસોટીના બે વર્ષ શરૂ થાય છે. ૨૦૧૭માં હિમાચલ પ્રદેશ અને ગુજરાતની ચૂંટણીના પરિણામો મોદી માટે ૨૦૧૮ અને ૨૦૧૯નો રસ્તો ક્લિયર કરશે. મોદી જો હોમટાઉન ગુજરાતમાં ચૂંટણી હારી ગયા તો આવનારા બે વર્ષ તેમના માટે કઠીન છે. ઉત્તરપ્રદેશની ચૂંટણી પછી ભાજપ ફુલફોર્મમાં છે પરંતુ ગુજરાતમાં ભાજપને ધોળે દિવસે તારા દેખાઈ રહ્યાં છે. ૨૦૧૮માં નાગાલેન્ડ, કર્ણાટકા, મેઘાલય, ત્રિપુરા, મિઝોરમ, રાજસ્થાન, છતીસગઢ અને મધ્યપ્રદેશમાં ચૂંટણી છે. આ બધી ચૂંટણીઓ પૂરી થશે ત્યારે ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી આવશે અને તેની સાથે સાથે ગુજરાતના પાડોશી રાજ્ય મહારાષ્ટ્રની ચૂંટણી પણ ૨૦૧૯ના વર્ષમાં આવી રહી છે. આ વખતે લોકસભાની ચૂંટણી અતિ મહત્વની બની રહેવા સંભવ છે, કારણ કે મેદાનમાં નરેન્દ્ર મોદી વિરૂદ્ધ રાહુલ ગાંધી ગાંધી છે. આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસ માટે 'ડુ ઓર ડાય' જેવી પરિસ્થિતિ છે જ્યારે મોદી માટે 'અસ્તિવનો જંગ' છે. મોદીનો રોડ મેપ ગુજરાતથી બને છે અને તે દિલ્હી પહોંચે છે. ૧૮ રાજ્યોમાં ભાજપ અને તેના સાથીપક્ષોની સરકાર હોય ત્યારે તે સંખ્યા નાની તો નથી. જે સમય કોંગ્રેસનો હતો તે સમય હવે ભાજપનો આવ્યો છે.